સૌની નિસબત

સલામત બાળપણ - સમૃધ્ધ બાળપણ

અંક : ૨ -જુન-૨૦૧૮

શૈશવ

પરિવર્તનનું નેતૃત્વ બાળકો દ્વારા



" જ્યાં સુધી માનવ પોતાનું કર્તવ્ય નહીં બજાવે ત્યાં સુધી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ અશક્ય છે "

–સ્વામી વિવેકાનંદ

## फी टू लर्न : पुस्तक समीकक्षा

'फी टू लर्न' पीटर ग्रे की किताब, शिक्षा को देखने का एक नया नजरोया दर्शाता है । लखक, जो बोसटन कॉलेज मे शिक्षक है, पाठको से दरखास्त करते है कि बच्चो को 'फी प्ले ' यानि बिना रुकावट के खेलने -कूदने की आजादी दे, जिससे वो दुनिया वो दुनिया को अपने अंदाज और नजरिये से देखते हुए अपनी शिक्षा की जिम्मेदारी और दिशा स्वयं तय कर सके । एक विकासात्मक मनोविज्ञानिक होने के क: ारण लेखक, वैज्ञानिक उदाहरणो से हमे बच्चे मे जन्मजात से पाई जाने वाली जिज्ञासा, शौक और जानने की ईच्छाओ से परिचित करते है और इस बात पे जोर डालते है कि अगर बच्चे को अपनी शिक्षा अपने आप तय करने का मौका दिया जाए तो वह खेल के माध्यम से अपनी रुचि अनुसार ना सिफ सब सीखेंगे, पर मन लगाकर, जुनून और निष्ठा से उसे समझ भी सकेंगे ।

खेल - खेल म बच्चे एक दूसरे को और अपने आप से बहुत कुछ सीख लेते है । पर विद्यालयो मे 'फी प्ले' के लिए स्थान और समय नही है । लेखक के हिसाब से स्कूल, विद्यालय कुशलताओ का प्रर्दशन और बायोडेटा तैयार करने को जगह बन गया है । बच्चो को बडो के आदेश और दिये हुए कामो को जल्दी खत्म करने की इतनी आदत हो गई है, की अपने भविष्य या पढाई को कोई भी निर्णय नही उठा पोत है । इसलिरु वह चिंता और बिना ध्यान एकात्रित किए विद्यालय और जीवन म-एक विषय से दूसरे विषय या एक नौकरी से दूसरे नौकरी मे भटकते रहते है । विद्यालय और जीवन एक संघर्ष लगने लगता है ।

लेखक विद्यालयोके इतिहास से शरुआत करता है । विद्यालयो की स्थापना इसाई धर्म के 'प्रोटेस्टन्ट' संप्रदाय से हुई । प्रोटेस्टन्ट विद्यालय मे रह कर याद करने पर बहुत जोर टिया था । इन विद्यालयो का उदेश्य बच्चो की जिज्ञासा बढाना नही, बल्की बने हुए सिद्धांतो को दिमाग म बिठाना था । इसमें सरकारो का भी फायदा निकला । वह अब बच्चो को अपने अपेक्षाओ के दाये मे ढाल सकते थे वह 'बच्चे कया पढेंगे' अपने तरीके से तय करन लगे । अच्छे नागरिक बनने क उसूल और काम के नियमो का पाठयक्रम पढाने लगे । विद्यालयो मे आजकल बढता मानकीकरण और पढने का समय यह दर्शाता है की यह प्रणाली आग भी बरकार है ।

विद्यालयो में खेल का समय घटते रहना, इस सोच से प्रतित होता है की बच्चे बेसमझ और असक्षम है और मार-पीटकर ही उन्ह पढाया जा सकता है । लेखक यह भी जताता है की विद्यालय बच्चो की आत्मिक सीखने की इच्छा को जागरुक होने से रोकता है और उनके आत्म-विश्वास और अंद्रूनि आवाज को कुचल देता है । बच्चे को सिफ उनकी उम्र के वजह से विद्यालयो मे केद कर लिया जाता है जहाँ उनकी रचनात्मक सोच और आत्म दिशा को बिल्कुल भी बढावा नही दिया जाता है । बच्चो में सहयोग और ज्ञान प्रकित करने के बजाय, विद्यालय एक-दूसरे को परेशान करना और बच्चो के बीच ईषा की भावना पेदा करना है ।

फिर सवाल यह उठता है को एक आदर्श सीखने का वातावरण बच्चो के लिए क्या होना चाहिए ? अमेरिका के सेटबरी वैली स्कूल से उदाहरण देते हुए लेखक हम बच्चो मे पाई जाने वाले खेलने की इच्छा, जिज्ञासा और लोगो के साथ रहेने की सुजनता को तीन महत्वपूर्ण मानव प्रवृति मानकर उन्हे उभारने की सलाह देता है ।

बच्चो मे बचपन से अपनी दुनिया समझने की जिज्ञासा होती है । यह उन्हे अपने आस-पास की दुनिया का अन्वेषण करने को प्रोत्साहित करता है । जब बच्चा अपनी दुनिया से परिचित हो जाता है तो वह खेल का माध्यम अपनाता है । उसके आस-पास की दूनिया एक अनजान जगह से उसकी सुरक्षित स्थान बन जाता है, जिससे बच्चा अपनी कौशलताओ को निखार पाता है । दूसरो के साथ आपनी सीख बाटने की इच्छा या सुजनता को मन मे रखकर वह दूसरे बच्चो और लोगो के साथ सीखने और सीखाने मे जुड जाता है ।

अमेरिका मे स्थापित 'सटबरी वैली स्कूल' इस सिद्धांत पर आधारित है और बच्चो को आपनी शिक्षा स्वयं तय करने का नेतृत्व देता है । इस स्कूल मे कोई पाठयक्रम या परीक्षा नहो रखी जाती बच्चो को किसी श्रेणी या मूल्यांकन से तोला नही जाता है । स्कूल म कोई कक्षा या उम्र आधारित बच्चो का समूह नही है । बच्चे बडो से डरते नही है बल्कि उनसे सलाह लेकर, स्वयं सीखते है । बस स्कूल को दो नियम है : (१) अगर कोइ काम या काम की वस्तुए हानिकारक है तो बच्चो के उसके लिए पहले 'प्रमाण पत्र' हासिल करना पडेगा । (२) अगर बच्च

स्कूल से ‘डिप्लोमा’ चाहते है तो उन्हे एक थीसिस लिखकर उसके महत्व पर पेनल के सामने बात करनी पडेगी । सटबरी वेली स्कूल से प्रेरित, लेखक आने वाले शतक के शिक्षा मे तीन महत्वपूर्ण बातो को शामिल होने पर जोर डालता है ।

पहला वह बच्चो के मानसिक और भावुक विकास के लिए शिक्षा में ‘फि प्लेय’ जोडने को आग्रह करता है । अगर बच्चो के आपने नियम बनाने की आजादी दी जए तो वह एक दूसरे के बातचीत, तर्क और समझोत करना सीखते है । अपने आप और दूसरे को एक ही टोम का हिस्सा मानते हुए सबको खुश रखकर साथ मे काम करना सीखते है । दूसरा, वह सभी बच्चो को इस साथ बिना उम्र के आधार पर रखने पर जोर देता । अगर सभी उम्र के बच्चो को साथ मे बढने का मौका दिया जाए तो वह एक दूसरे की सहायता करना सीखते है और एक ही स्थान मे होने से दूसरो को देखकर सीखने लगते है । बच्चे एक दूसरे को सिखाने लगते है और उम्र की श्रेणी ना होने से उम्र का अनुक्रम नही अपनाते । हर एक बच्चे की बात समझना और एक साथ बढने की भावना से वह एक दूसरे की रचनात्मकता और ज्ञान को बढाते है । तीसरा लेखक माता-पिता से बच्चो को श्रद्धासे बड करने की बिनती करता है । अपने बच्चे पर भरोसा करने पर ही वह दुनिया को अपने ढंग से समझने का आत्म-विश्वास रख पाएगा । इसका मतलब हमे लापरवाह माता-पिता होना नही है, बल्कि बच्चे को आपनी गलतिया से सीखन का मौका देने की क्षमता बहानेकी अवकाश टेना चाहिए ।

गहराई स की गई अनुसंधान और ढेर सार उदाहरणो के माध्यम से लेखक हमे अपने देश की शिक्षा व्यवस्था पर सोचने पर मजबूर करता है और शिक्षा को देखने और समझने का नया पहेलू दर्शाता है । इसपर अमल करना अब हमारे हाथो म है ।

सौजन्य : एक अवलोकन -मैत्रीयी फलो अमेरिकन इन्डीया फाउन्डेशन-शैशव भावनगर







સુભાષ ભટ્ટ

# જીવનથી વિખૂટી પડેલી વ્યવસ્થા એટલે શિક્ષણ અને જીવન સાથે ઓતપ્રોત હોય એ કેળવણી

જીવનથી વિખૂટી પડેલી વ્યવસ્થા એટલે શિક્ષણ અને જીવન સાથે ઓતપ્રોત હોય એ કેળવણી. એક એમ માને છે કે તરતાં ન આવડે ત્યાં સુધી નદીમાં ન પડાય અને બીજો એમ માને છે કે નદીમાં ન ઝંપલાવીએ ત્યાં સુધી તરતાં ન આવડે. જીવન સાથે અપ્રસ્તુત અને વિસંગત હોય એ શિક્ષણ નિરર્થક છે. આ વાતને અદ્‌ભુત રીતે એક સ્પૅનિશ વાર્તામાં કહેવાઈ છે ફાધર પેડ્રો રિબ્સ દ્વારા. (તેઓ ભારતમાં પણ વરસો રહ્યા છે. મેં થોડાક ભારતીય સંદર્ભો ઉમેર્યા છે.)

એક વખત જંગલમાં પ્રાણીઓ અને પંખીઓની સભા ભરાઈ. સૂર એવો હતો કે 'આપણાં બાળકો તોફાનમસ્તી કર્યા કરે છે. માનવીય બાળકોની જેમ કશું અર્થપૂર્ણ કરતાં નથી, કશું બનતાં નથી. નહીં વિદ્યા, કલા, સાહિત્ય કે નહીં ડૉક્ટર, ઈજનેર, પાઈલટ. તેથી ચેતનજગતમાં આપણું આધિપત્ય કે ઓળખ નથી. આપણે માણસથી પણ પુરાતન છીએ, પણ ન બદલાયા કે ન વિકસ્યા. આપણું શોષણ થાય છે પણ સ્થાન નથી. આ પૃથ્વી પર હવે આપણા ઝાઝા દિવસો નથી. હવે આપણી ઓળખ માટે નહીં, અસ્તિત્વ માટે લડવું પડશે. આપણા સુધારકો, શ્રેષ્ઠીઓ અને આગેવાનોએ સંકલ્પ કર્યો છે કે આપણે એક શાળા આરંભીએ છીએ જેનું ધ્યેય છે સંપૂર્ણ, સર્વાંગી, સમગ્ર શિક્ષણ. આપણાં સંતાનોને ઊડતાં, તરતાં, દોડતાં, વૃક્ષો પર ચડતાં, માળો બનાવતાં, પ્રાર્થના અને ગીતો ગાતાં શીખવીશું. અને... શાળાના પ્રથમ દિવસે આચાર્યે સૌને આવકાર્યા અને સંબોધ્યાઃ

આપણી શાળામાં આપણાં જંગલોમાં નાગરિકો જે કરે એ બધું જ શીખવશું – તમે ગરુડની જેમ ઊડતાં શીખશો, તમે હરણની જેમ દોડતાં શીખશો, તમે બુલબુલની જેમ ગાતાં શીખશો, તમે વાનરની જેમ વૃક્ષ પર ચડતાં શીખશો, તમે સસલાની જેમ કૂદતાં શીખશો.

અને... પછી થોડાક દિવસોમાં આવાં દશ્યો શાળામાં રચાયાં. સાંભળીએ એ સંવાદોઃ

***

પી.ટી. ટીચર કાચબાના બચ્ચાનેઃ 'અરે દોડ, ઉતાવળ રાખ, ઝડપથી દોડ, ગતિ પકડી લે.'

કાચબાનું બચ્ચુંઃ 'સાહેબ, હું નથી દોડી શકતું, હું નહીં દોડી શકું. મારો આ શ્રેષ્ઠ પ્રયાસ છે.'

સાહેબઃ 'પ્રયત્ન કર! તું દોડી શકીશ. ફરી પ્રયત્ન કર, આળસુ ન બન. તારે તો પ્રથમ આવીને શાળાનું નામ રોશન કરવાનું છે. શીંગના દાણા આપીશ દોડ. અને હજીયે નહીં દોડે તો તને ગ્રેડ નહીં આપું અને નાપાસ કરીશ.'

અને આખરે કાચબો નાપાસ જ થયો અને શાળા છોડી દેવી પડી.

***

એક શિક્ષક વૃક્ષ પાસે ઊભા છે અને મદનિયાને લલકારે છે, પડકારે છેઃ 'અહીં આવ! તને વૃક્ષ પર ચડતાં આવડી ગયું કે નહીં? તને વીક્લી ટેસ્ટમાં સ્વાધ્યાય આપેલો, ચાલ વૃક્ષ પર સડસડાટ ચડી દેખાડ.'

પણ મદનિયું ન ચડી શક્યું. શિક્ષક તેને ધમકાવે છેઃ 'તું આળસુનો પીર છે.' ભણવાનો ચોર છે. આખો દિવસ ખા-ખા કરે છે. તું નકામો છે. તું કશું ઉકાળતો નથી. કાલે તારાં માતા-પિતાને લઈ આવજે. સર્ટિફિકેટ પકડાવી દઈશ.'

અને નાપાસ મદનિયાને પણ પાણીચું અપાયું. અને આ ક્રમમાં...

ગરુડને તરતાં ન આવડ્યું,
વાંદરાને ઊડતાં ન આવડ્યું,
ગર્દભને કલરવ ન આવડ્યો,
કાગડાને ગીત ન આવડ્યું,
શ્વાનને વર્ગમાં મૌન બેસતાં ન આવડ્યું.

અને આમ શાળા બંધ થઈ. જંગલમાં ફરી પ્રાકૃતિક-નૈસર્ગિક જીવન આરંભાયું. બધા પોતાની જીવનશૈલી અને કૌશલ્ય પ્રમાણે જીવવા લાગ્યા. દરેકે 'અન્ય' બનવાનો પ્રયાસ છોડી દીધો. એક દુખદ બાબત એ રહી કે દરેક નિષ્ફળ ગયું એનો વસવસો સૌને રહ્યો. કદાચ આ વિશ્વમાં અગાઉ નિષ્ફળતા હતી જ નહીં, શાળાની સાથે એ આવી. શાળાઓ એવું ફોટોકૉપી મશીન છે જે પર્ફેક્ટ મૂળની કૉપી ક્ષતિગ્રસ્ત જ કરે છે. કદાચ...

વૃક્ષોને સ્થિરતા શીખવવાની,
નદીને સીધી લીટી દોરવાની,
દેડકાને છત્રી વાપરવાની,
માછલીને મેદાની રમત રમવાની,
પતંગિયાને સ્થિર બેસવાની જરૂર નથી.

અને હા, બાળકોને સમયપત્રક, અભ્યાસક્રમ અને રોબોટ બનાવી દેવાની પણ જરૂર જ નથી. ■



**(સૌજન્યઃ- શ્રી સુભાષભાઈ ભટ્ટ કોકટેલ જિંદગી મે ૨૦૧૮ના અંકમાથો સાભાર)**

# ચાઈલ્ડ લાઈન

ચાઈલ્ડ લાઈન હેલ્પલાઈન-૧૦૯૮ દ્વારા જુન મહિના દરમ્યાનશ્રશ્ર થયેલ પ્રવૃતિઓ થયેલ નીચે મુજબ છે.

- જુન ૨૦૧૮માં શહેરની ૭ સ્કુલના ૧૬૪૨ બાળકોને ચાઇલ્ડ લાઇન હેલ્પ ૧૦૯૮ વિશેની માહીતી આપેલ અને કાર્ય સમજાવેલ તથા બાળકો ૧૦૯૮ નો ઉપયોગ કેવા સમયે કરી શકે તેની માહીતી આપવામાં આવી હતી.
  ઉપરાંત ૩ આંગણવાડી મા જઈને ૮૨ બાળકો તથા તેના વાલીઓને પણ ચાઇલ્ડ હેલ્પ લાઈનની માહીતી આપી હતી. જુન મહિના દરમ્યાન ૪ ઓપન હાઉસ જુદા જુદા વિસ્તારમાં યોજવામાં આવેલ, જેમાં યોજેલ ૮૯ બાળકોની સાથ તેના પ્રશ્નો અને સમસ્યા શુ છે તેની ચર્ચા તથા તેના નિરાકરણ અંગે ચર્ચા કરી હતી.
- જુદા જુદા વિસ્તારમાં બાળ સુરક્ષા સમિતિની મીટીંગ યોજવામાં આવી હતી, આ મીટીંગમાં નળ,ગટરલાઈન અને પાણીના પ્રશ્નો ઉપરાંત રોડના પ્રશ્નોની ચર્ચા થઈ હતી. આ માટે વિસ્તારના લોકો તંત્રવાહકોને મળીને રજુઆત કરશે.
- કેસની વાત કરીએ તો જુન દરમ્યાન ૧૮ ફોન કેસ દ્વારા તથા ૭ આઉટરીચ માંથો કેસ આવ્યા હતાં.
- ૧૨ જન આંતરરાષ્ટ્રીય બાળ મજુરી વિરોધી દિવસ નિમિતે કુંભારવાડાના મઢિયારોડના જુદા જુદા વિસ્તારોમાં ચાઈલ્ડ લાઇન હેલ્પ લાઈન દ્વારા રેલી ઉપરાંત સરદારનગર સર્કલમાં માનવ સાંકળ બનાવવામાં આવી હતી, જેમાં સંસ્થાના કાર્યકરો, હિતચિંતક નાગરિકો તથા ૧૨૬ બાળકો સહભાગી થયા હાતાં.



# બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

જુન ૨૦૧૮ દરમ્યાન બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રના ઉપક્રમે થયેલ પ્રવૃતિઓ નીચે મુજબ છે.

- બાળ અધિકાર સમૂહ-ગુજરાતના કોર ગ્રુપ સભ્યોની મીટીંગ તા ૨, જુનના રોજ શૈશવમાં યોજવામાં આવી હતી.
- તા. ૭ જુનના રોજ દિપક ફાઉન્ડેશન, વડોદરા આયોજીત કાર્યક્રમમાં શૈશવમાંથી પારૂલબહેનને આમંત્રિત કરાતા તેઓએ ફાઉન્ડેશનના સ્ટાફ માટે મોટીવેશનલ વાર્તાલાપ આપ્યો હતો
- તા ૧૮ જુનના રોજ શ્રી ન.ચ.ગાંધી મહિલા વિદ્યાલયમાં ધો-૭ અને ૮ વિદ્યાર્થીઓના વાલીઓ સાથ કિશોરાવસ્થાના પ્રશ્નો - પડકારો અને શિક્ષણ અંગે શૈશવમાંથી પારૂલબહેન વાર્તાલાપ આપ્યો હતો.આ શાળાની કિશોરીઓ સાથ દર મહિને ઉપરોકત મુદા અંગેની તાલીમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.
- તા. ૨૦ જુનના રોજ વડોદરા સ્થિત દિપક ફાઉન્ડેશન સંચાલિત સુરક્ષા સંકુલ (ચિલ્ડ્રન હોમ)ની મુલાકાત શૈશવ ટીમે લીધી હતી અને મીટીંગ કરી ત્યા રહેતા બાળકોના અનુંસધાનમાં વિવિધ તાલીમકાર્ય શરૂ કરવા અંગે ચર્ચા વિચારણા કરી હતી.
- તા. ૨૧,૨૨ અને ૨૩ ના રોજ ડેડીયાપાડા તાલુકો(જીલ્લા નર્મદા)માં શૈશવના નવા કાર્યક્રમ આરણ્યક અંગે ફિલ્ડ વીઝીટ ગોઠવવામાં આવી હતી.
- રાઈટ ટુ એજ્યુકેશન ફોરમ દિલ્હો દ્વારા ૨૫,૨૬,૨૭ના રોજ આયોજીત રાષ્ટ્રીય કારોબારી મીટીંગ તથા સમેલનમાં બાળ અધિકાર સમૂહ-ગુજરાતના પ્રતિનિધિ તરીકે શૈશવ સંસ્થામાથી પારૂલબહેન ઉપસ્થિત રહયા હતા.
- અમરીકન ઈન્ડીયા ફાઉન્ડેશનના વાલન્ટીયર શુભાબહેન અને મૈત્રીબહેનનો શૈશવમાં દસ મહીનાનો સમયગાળો પૂરો થતા વિદાય અને શુભેચ્છા કાર્યક્રમ તા. ૧૭ જુનના રોજ સાંજે યોજવામાં આવ્યો હતો.
- ૧૨ અને ૧૩ જુનના રોજ કિશોરાવસ્થાના શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અને સ્વાસ્થ્ય અંગેની તાલીમ શૈશવના કાર્યકરો સાથ યોજવામાં આવી હતી તથા ૧૬,૧૭ જુનના રોજ બાળ અધિકારોની વાત બાળકોને રમતના માધ્યમથો કેવી રીતે શિખવી શકાય તે અંગેની તાલીમ કાર્યકરો સાથ યોજવામાં આવી હતી.



## બાલસેના

જુન ૨૦૧૮ દમ્યાન બાલસેના કાર્યક્રમમાં થયેલ પ્રવૃતિઓ નીચે મુજબ છે.

- દર અઠવાડિયે શહેરના અલગ અલગ વિસ્તારોમાં બાલસેનાના બાળકો સાથ બાળ પ્રવૃતિઓ બાળકોના ઘરઆંગણે ચાલતી હોય છે. આ જૂન મહિના દરમ્યાન સાંભળવાનું કૌશલ્ય, જૂથનું મહત્વ અંગેના મુદાઓ રમતોના માધ્યામથો શીખવવામાં આવ્યા હતાં. તે ઉપરાંત વિશેષ તો પાણીના બચાવ અંગે જાગૃતિ માટે વિસ્તારમાં બાળકોએ ઘરે-ઘરે ફરીને પત્રિકા વિતરણ કર્યું હતુ. આ ઉપરાંત દેશી રમતો રમ્યા હતાં, જેમાં કુલ ૫૫૮ બાળકો સહભાગી થયા હતા.
- વિસ્તારમાં બાળ સુરક્ષા સમિતિની રચના કરવામાં આવી છે આ મહિના દરમ્યાન જુદા-જુદા ૧૨ વિસ્તારમાં સભ્યો સાથ મીટીંગ યોજવામાં આવી હતી અને તેમાં ગટર અને રોડના પ્રશ્નો, પીવાના પાણીની સમસ્યા, હોમર્વક અને શાળામાં પાણીના પરબની સમસ્યા અંગે ચર્ચા કરી હતી. તેના ઉકેલના પ્રયત્નો અંગે એકશન પ્લાન બનાવ્યા હતા. આ મીટીંગમાં ૯૦ સભ્યો હાજર રહયા હતાં.
- ૧૦ જુનના રોજ બાલસેનાની કાઉન્સીલની મીટીંગ યોજાઈ હતી. જેમાં ૨૪ સભ્યો ઉપસ્થિત રહયા હતા. આ મીટીંગમાં બાળ સભ્યોએ બાળકોની સક્રિયતા વધે તેના મુદા પર ચર્ચા કરવા ઉપરાંત ચૂંટણી પધ્ધતિમાં કેટલાક નવા ફેરફારોના સૂચનો પર ચર્ચા કરી દરેક વિસ્તાર/પોઈન્ટ પર કેપ્ટન / વાઈસકેપ્ટનની ચૂંટણી કરવી તથા આ તમામ ચૂંટાયેલા સભ્યો કાઉન્સીલમાં જોડાશે તે અંગે ચર્ચા કરી હતી.
- બાળકો દ્વારા પણ વિસ્તારમાં પ્રવૃતિઓ યોજવામાં આવતી હોય છે. આ મહિના દરમ્યાન બાળકોએ હોમ વિઝિટ કરી વાલી સંપર્ક કર્યો હતો, તેમજ ટીમના સભ્યો સાથ વાર્તા કથનના કાર્યક્રમો યોજ્યા હતા, આ ઉપરાંત રમતો દ્વારા મૂલ્યોની શીખ મેળવી હતી.
- જૂથની સક્રીયતા વધારવા, નવા બાળકો સભ્યો તરીકે જોડાઈ તેના માટે નવી પ્રવૃતિઓ અંગે સંર્પક કરવા પોતાના વિસ્તારમાં જૂથ સાથ મીટીંગ આયોજન કર્યા હતા, જેનુ સંચાલન બાળકો દ્વારા જ કરવામાં આવે છે. ૧૨ વિસ્તારમાં ૧૨ મીટીંગ યોજાઈ હતી જેમા ૧૭૭ બાળકો સહભાગી થયા હતા



વેકેશન શિબિર પર્ણ થતા કુંભારવાડા સ્થિત બન્ને લોકશાળાનું નિયમિત ર્કાય શરૂ થઈ ગયું અને બન્ને લોકશાળા હાલમા ૧૧૧ બાળકો ધો ૧ થો ૮ ના લાભ લઈ રહયા છે.

આ લોકશાળા પર નવા બાળકો જોડાય તેમજ વિસ્તારમાં બાળકોની અભ્યાસની સ્થિતિ સમજવા માટે સમગ્ર ટીમ દ્વારા  એક સર્વે કરવામા આવ્યો હતો. બન્ને વિસ્તારમાં ૧૧૫૦ ઘરોનો સર્વે કર્યો જેમાં ૧૦૯૮ અભ્યાસ કરતા હતાં જયારે બાળકો શાળા બહાર છે. આ બાળકો શાળામાં જતા થાય તે માટે લોકશાળાની ટીમે કમર કસી છે.

આ ઉપરાંત ધો ૧ થો ૫ ના બાળકોના અભ્યાસના સ્તરની ગુણવતા સમજવા માટે કસોટી પેપર આ મહિના દરમ્યાન તૈયાર કરી મૂલ્યાંકન કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેનું પરિણામ એકાદ મહિનામાં મળશે, આ પરિણામના આધારે બાળકોના વિશેષ વ્યકિતગત પ્લાન બનાવી શૈક્ષણિક પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવશે.



શૈશવ- બી-૩, સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ,ભાવનગર-૩૬૪૦૦૧,
ફોન-૦૨૭૮-૨૫૬૮૫૬૧
email-info@shaishavchildrights.org
www- shaishavchildrights.org